# ૪૭મો વાર્ષિક અહેવાલ અને હિસાબો

## વર્ષ : ૨૦૨૧–૨૨




# સુરસાગર ડેરી

## સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.



ભારત સરકારશ્રીના રાજય કક્ષાના પશુપાલન મંત્રીશ્રી પુરૂષોતમભાઈ રૂપાલા સાહેબ ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડના ગીર ગાયના ઠાકરધણી ફાર્મહાઉસની મુલાકાત કરેલ તે પ્રસંગે ગુ.રા.ના વન અને પર્યાવરણ, છાપકામ, સ્ટેશનરી વિભાગના કેબીનેટ મંત્રીશ્રી કિરીટસિંહજી રાણા સાહેબ, સુ.નગર જિલ્લા ભાજપ પ્રમુખશ્રી જગદિશભાઈ મકવાણા તથા દૂધ સંઘના ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ



ભારતીય જનતા પાર્ટી ગુ.રા.ના યશસ્વી અધ્યક્ષ માનનીયશ્રી સી.આર. પાટીલ સાહેબની શુભેચ્છા મુલાકાત કરતા દૂધ સંઘના ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ


75
आज़ादी का
अमृत महोत्सव
સહકારથી
સમૃદ્ધિ







ગુ.રા.ના વન પર્યાવરણ છાપકામ અને સ્ટેશનરી વિભાગના કેબીનેટ મંત્રીના હોદ્દા ઉપર શ્રી કિરીટસિંહજી રાણા સાહેબની નિયુકતી થતા અભિનંદન આપતા સામાજીક આગેવાન શ્રી મહેન્દ્રસિંહ જાડેજા(ભાણુભા), સુરસાગર ડેરીના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ, ખેતીબેંકના ચેરમેન તથા દૂધ સંઘના ડાયરેકટરશ્રી મંગળસિંહ પરમાર તથા માલાભાઈ સારાભાઈ ભડીયાદરા એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી વિજયભાઈ ભડીયાદરા



ગુજરાત રાજયના નવનિયુકત ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સાહેબએ નિયુકિતના બીજા દિવસે દૂધ સંઘની શુભેચ્છા મુલાકાત લીધેલ. મુલાકાત દરમ્યાન દૂધ સંઘના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડે ઝાલાવાડ ની પરંપરા મુજબ ઉષ્માભેર સ્વાગત કર્યુ. શુભેચ્છા મુલાકાત દરમ્યાન જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી જગદિશભાઈ મકવાણા, દૂધ સંઘના મેનેજીંગ ડીરેકટર શ્રી ગુરદિતસિંગ તથા સામાજીક કાર્યકર શ્રી અજયભાઈ સભાડ દ્રષ્ટિગોચર થાય છે.

# ૪૭ મો વાર્ષિક અહેવાલ
# ૨૦૨૧–૨૨

## સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
## સુરસાગર ડેરી, વઢવાણ.


રજીસ્ટ્રેશન નં. : સે.દૂ.ઉ–૨૦૦૧ તા. ૨૪–૩–૧૯૭૫

ટેલીફોન નં. : ૭૦૬૯૦ ૧૨૨૭૩ / પશુ સારવાર વિભાગ નં. : ૭૦૬૯૦ ૧૨૨૧૪

ઈ–મેઈલ : admhead@sursagardairy.coop / info@sursagardairy.coop

વેબસાઈટ : www.sursagardairy.com

એડ્રેસ : ''ઠાકરધણી સુરસાગર ભવન'' પ્લોટ નં. ૨૪૯, જી.આઈ.ડી.સી., ફેઈઝ–૨, આંબાવાડી, વઢવાણ–૩૬૩ ૦૩૫. જિ. સુરેન્દ્રનગર (ગુજરાત)

# નિયામક મંડળ : ૨૦૨૧-૨૨




**શ્રી બાબાભાઈ એસ. ભરવાડ**
**અધ્યક્ષશ્રી**
પ્રમુખ- લીંબડી દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. લીંબડી    તા. લીંબડી



**શ્રી અલ્પેશભાઈ બી. સામંડ**
**ઉપાધ્યક્ષશ્રી**
પ્રમુખ- ચોટીલા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ચોટીલા   તા. ચોટીલા



**શ્રી મંગળસિંહ આર. પરમાર**
**સભ્યશ્રી**
પ્રમુખ- શિવશક્તિ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ટીકર (પરમાર)   તા. મુળી



**શ્રી ગભરૂભાઈ એમ. હણ**
**સભ્યશ્રી**
પ્રમુખ- નાનામાત્રા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. નાનામાત્રા   તા. વીંછીયા



**શ્રી નરેશભાઈ જે. મારૂ**
**સભ્યશ્રી**
પ્રમુખ- મોજીદડ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. મોજીદડ   તા. ચુડા



**શ્રી છેલાભાઈ એસ. ભરવાડ**
**સભ્યશ્રી**
પ્રમુખ- રામ બાવળી દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. બાવળી   તા. ધ્રાંગધ્રા



**શ્રી વાલાભાઈ એમ. ભરવાડ**
**સભ્યશ્રી**
પ્રમુખ- બામણવા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. બામણવા   તા. દસાડા



**શ્રી વેલશીભાઈ એફ. પઢાર**
**સભ્યશ્રી**
પ્રમુખ- હીંગળાજ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. નાની કઠેચી   તા. લીંબડી



**શ્રી છગનભાઈ બી. મુંધવા**
**સભ્યશ્રી**
પ્રમુખ- કારીયાણી દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. કારીયાણી   તા. વઢવાણ



**શ્રી બાબુભાઈ જે. કારેલીયા**
સભ્યશ્રી
પ્રમુખ- ખાખરાથળ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ખાખરાથળ તા. થાનગઢ



**શ્રીમતિ લક્ષ્મીબેન જી. અલગોતર**
સભ્યશ્રી
પ્રમુખ- વહાણવટી મ. દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. થાનગઢ તા. થાનગઢ



**શ્રીમતિ શંકુબેન પી. ખટાણા**
સભ્યશ્રી
પ્રમુખ- ગોપી મહિલા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. પાટડી તા. દસાડા



**શ્રીમતિ વર્ષાબા બી. ઝાલા**
સભ્યશ્રી
પ્રમુખ- બજરંગપુરા મ. દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. બજરંગપુરા તા. લખતર



**શ્રી વી. આર. કપુરીયા**
જિલ્લા રજીસ્ટ્રાર(સ.મ.)સુ.નગર, સભ્યશ્રી
પ્રતિનિધિ-રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ગુ.રા.)
ગાંધીનગર



**શ્રી ધીરજકુમાર જે. ચૌધરી**
સભ્યશ્રી
પ્રતિનિધિ-ગુજરાત કો-ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડ. લી.
આણંદ



**શ્રી ગુરદિતસિંગ**
મેનેજીંગ ડીરેક્ટર
સુરસાગર ડેરી, વઢવાણ

## :: ઓડીટર્સ ::

**કે.એમ.વી. એન્ડ કંપની**
ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી,
સ્ટેટ્યુટરી ઓડીટર
(પેનલ નં. ૦૧)

**શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક)**
મિલ્ક ઓડીટ ઓફીસ,
સુરેન્દ્રનગર

## :: બેંકર્સ ::

HDFC BANK
SBI
ICICI Bank
Union Bank of India
The Surendranagar District Co-Op. Bank Ltd.
ધી સુરેન્દ્રનગર ડીસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક લી.
રાજકોટ નાગરીક સહકારી બેંક લી.
AXIS BANK
સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક
AU SMALL FINANCE BANK



ગુજરાત રાજયના મહેસુલ, કાયદા ન્યાયતંત્ર વિભાગના કેબીનેટ મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી સાહેબની શુભેચ્છા મુલાકાત કરતા દૂધ સંઘના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ



ગુજરાત રાજયના નવ નિયુકત રાજયકક્ષાના સહકાર મંત્રી શ્રી જગદિશભાઈ વિશ્વકર્માનું અભિવાદન કરતા સુરસાગર ડેરીના ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ તથા ખેતી બેંકના ચેરમેન તથા દૂધ સંઘના ડાયરેકટર શ્રી મંગળસિંહ પરમાર



શ્રી ભૃગુપુર દૂ.ઉ.સ.મં.લી. મુ. ભૃગુપુર, તા. ચુડાની મુલાકાત ગુ.રા.ના શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી સાહેબએ કરેલ. મુલાકાત દરમ્યાન વાઘાણી સાહેબ સાથે દૂધ સંઘના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ, દૂધ સંઘના ડાયરેકટરશ્રી નરેશભાઈ મારૂ, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી જગદિશભાઈ મકવાણા, દૂધ મંડળીના પ્રમુખશ્રી વામાભાઈ મીર તથા સુરસાગર ડેરી સ્ટાફ દ્રષ્ટિગોચર થાય છે.




## શ્રી બાબાભાઈ એસ. ભરવાડ

**અધ્યક્ષશ્રી**

### ચેરમેનશ્રી નું નિવેદન :–

**મારા વહાલા દૂધ ઉત્પાદક ભાઈઓ તથા બહેનો.**

દૂધ સંઘની ૪૭ મી વાર્ષિક સાધારણ સભામાં સુરસાગર ડેરી પરિવારના સભ્યો એવા તમામ દૂધ મંડળીના પ્રમુખશ્રીઓ, ઉપપ્રમુખશ્રીઓ, વ્ય.ક.સભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓ તથા દૂધ ઉત્પાદક ભાઈઓ અને બહેનોનું ઉમળકાભેર ચહેદિલથી સ્વાગત કરૂ છું અને મારા સાથી નિયામક મંડળે ભલામણ કરેલ તેમજ દૂધ સંઘ તરફથી નિમાયેલ ઓડીટરશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ વર્ષ ૨૦૨૧–૨૨ ના દૂધ સંઘના હિસાબો તથા દૂધ સંઘના કામકાજ અને વિકાસ લક્ષી પ્રવૃતિઓનો અહેવાલ આપ સમક્ષ રજૂ કરતાં ગૌરવ અને હર્ષની લાગણી અનુભવુ છું.

હિસાબી વર્ષ દરમ્યાન દૂધ સંઘ દ્વારા દૈનિક સરેરાશ ૫૭૭૨૪૦ કિલો દૂધ સંપાદન કરવામાં આવેલ છે. તેમજ તા. ૨૬/૦૨/૨૦૨૨ના રોજ એક દિવસનું મહત્તમ ૬૬૮૮૦૨ કિલો દૂધ સંપાદન કરવામાં આવેલ છે.દૂધ સંઘના નિયામક મંડળ દ્વારા કરકસરયુકત વહીવટ કરી હિસાબી વર્ષ દરમ્યાન સરેરાશ પ્રતિકિલો ફેટના રૂા. ૭૪૪/– ભાવ ચુકવવામાં આવેલ છે.

### : સંઘ સભાસદ અને નિયામક મંડળ :

સને ૨૦૨૧–૨૨ ના હિસાબી વર્ષના અંતે દૂધ સંઘ સાથે સંયોજીત પ્રાથમિક દૂધ સહકારી મંડળીઓની સંખ્યા ૬૫૬ તથા વ્યકિત સભ્યોની સંખ્યા ૨ મળી કુલ સભાસદ સંખ્યા ૬૫૮ છે. તે પૈકી નિયામક મંડળના સભ્ય પદે ૧૩ સભ્યો તા. ૩૧/૦૭/૨૦૧૯ થી ૫ (પાંચ) વર્ષની મુદત માટે ચુંટાયેલ અને કાર્યરત છે.

### : અન્વેષણ :


ગુજરાત રાજય સરકાર દ્વારા સ્થપાયેલ ઓડીટ બોર્ડ દ્વારા સતત અને સમવાયી ઓડીટ યોજના હેઠળ દૂધ સંઘ અને દૂધ સહકારી મંડળીઓના ઓડીટની કામગીરી કરવામાં આવે છે. દૂધ સંઘનું સને ૨૦૨૧–૨૨ ના વર્ષનું નાણાંકીય ઓડીટ દૂધ સંઘ દ્વારા નિયુકત કરવામાં આવેલ કે. એમ. વી. એન્ડ કંપની, પેનલ નં. – ૧ દ્વારા કરવામાં આવેલ છે.


## : વ્યાપાર અને નાણાંકીય સ્થિતિ :

સને ૨૦૨૧–૨૨ ના હિસાબી વર્ષ દરમ્યાન દૂધ સંઘનો વેપારી ઉથલો(ટર્ન ઓવર) રૂા. ૧૦૪૮ કરોડ નોંધાએલ છે જે વર્ષ ૨૦૨૦–૨૧ કરતાં રૂા. ૪૫ કરોડ એટલે કે ૪.૪૯% વધારે છે. રૂા. ૮૪૦ લાખના ઘસારાની જોગવાઈ કર્યા બાદ હિસાબી વર્ષના અંતે રૂા. ૮૨૦ લાખનો ચોખ્ખો નફો કરેલ છે. જે ગત વર્ષની સરખામણી એ રૂા. ૧૬૬ લાખ એટલે કે ૨૫.૩૮% વધારે છે. નિયામક મંડળ દ્વારા સભાસદ દૂધ મંડળીઓને સહકારી કાયદાની જોગવાઈની મર્યાદા મુજબ ભરપાઈ થયેલ શેર ભંડોળ ઉપર ૧૫% ડિવિડન્ડ આપવાનું નકકી કરેલ છે.

## : દૂધ સહકારી મંડળીઓ :

વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન કુલ ૬૭૭ દૂધ સહકારી મંડળીઓ (૬૫૨ રજીસ્ટર + ૨૫ સુચિત) તથા ૬૨ દૂધ ખરીદ કેન્દ્રો એ દૂધ સંઘને દૂધ પુરૂ પાડેલ છે. વર્ષાન્તે કુલ ૬૭૧ દૂધ સહકારી મંડળીઓ (૬૪૮ રજીસ્ટર મંડળીઓ + ૨૩ સુચિત મંડળીઓ) તથા ૫૭ દૂધ ખરીદ કેન્દ્રો કાર્યરત છે.









પશુપાલનના વ્યવસાયમાં મહિલાઓનું યોગદાન મહત્વનું છે. મોટાભાગે મહિલાઓ દ્વારા પશુઓની માવજત કરવામાં આવતી હોય છે. પશુઓને ઘાસચારો–ખાણદાણ નિરવાની, છાણવાછીંદુ કરવાની તથા દોહવાની પ્રવૃતિ મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. આથી દૂધના વ્યવસાયમાં મહિલાઓની ભાગીદારી વધે તે ખૂબજ જરૂરી છે. હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨ ના અંતે કુલ ૧૫૭ મહિલા મંડળીઓ કાર્યરત છે. જિલ્લાની દૂધ મંડળીઓમાં દૂધ ભરાવતા ગ્રાહકોની કુલ સંખ્યા ૧,૨૦,૮૯૪ છે. દૂધ મંડળીઓના કુલ સભાસદોની સંખ્યા ૯૪૫૯૮ છે. તે પૈકી ૨૭૫૬૨ મહિલા સભાસદો તથા ૬૭૦૩૬ પુરૂષ સભાસદો છે.



## : દૂધ સંપાદન તથા દૂધના ભાવ :

હિસાબી વર્ષ દરમ્યાન આપણા દૂધ સંઘ દ્વારા એક દિવસનું મહત્તમ ૬.૬૯ લાખ કિલો દૂધ સંપાદન કરેલ છે. તેમજ વર્ષ દરમ્યાન સરેરાશ દૈનિક ૫.૭૭ લાખ કિલો દૂધ સંપાદન કરવામાં આવેલ છે. જે ગત વર્ષની દૈનિક સરેરાશ કરતાં ૧.૪૧% વધારે છે.





હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન સરેરાશ પ્રતિકિલો ફેટના રૂા. ૭૪૪/– નો ભાવ ચુકવવામાં આવેલ છે. દૂધ ઉત્પાદકોને દૂધના વધુમાં વધુ ભાવ મળી રહે તે માટે મારા સતત પ્રયત્નો રહ્યાં છે.



હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન દૂધ ઉત્પાદકોને સરેરાશ પ્રતિકિલો દૂધનો ભાવ રૂા. ૪૪.૪૭ પૈસા ચુકવવામાં આવેલ છે. જે ગત વર્ષે સરેરાશ પ્રતિકિલો રૂા. ૪૪.૨૮ પૈસા કરતાં પ્રતિકિલો રૂા. ૦.૧૯ પૈસા વધારે ચુકવાયેલ છે.





## : દૂધ પ્રોક્યોરમેન્ટ તથા તેના ભાવ વર્ષ ૨૦૨૧–૨૨ :

| | વિગત | ભેંસ | ગાય | કુલ |
|---|---|---|---|---|
| A | જથ્થો લીટરમાં | ૧૧૩૩૧૧૭૧૭ | ૯૧૨૪૪૦૩૧ | ૨૦૪૫૫૫૭૪૯ |
| B | જથ્થો કિલોમાં | ૧૧૬૭૧૧૦૬૯ | ૯૩૯૮૧૩૫૨ | ૨૧૦૬૯૨૪૨૧ |
| C | કિલો ફેટ | ૮૨૫૫૫૮૫ | ૩૯૬૬૨૦૨ | ૧૨૨૨૧૭૮૭ |
| D | કિલો એસએનએફ | ૧૦૫૦૧૩૧૦ | ૭૯૭૭૦૭૯ | ૧૮૪૭૮૩૮૯ |
| E = C / B | સરેરાશ ફેટ ટકા | ૭.૦૭ | ૪.૨૨ | ૫.૮૦ |
| F = D / B | સરેરાશ એસએનએફ ટકા | ૯.૦૦ | ૮.૪૯ | ૮.૭૭ |
| G | પ્રતિ કિલો ફેટના સરેરાશ ભાવ રૂપિયા | ૭૨૪ | ૭૮૬ | ૭૪૪ |
| H | ૭% ફેટ મુજબ પ્રતિ લીટરનો ભાવ રૂપિયા | ૫૨.૨૧ | – | – |
| I | ૪% ફેટ મુજબ પ્રતિ લીટરનો ભાવ રૂપિયા | – | ૩૨.૩૯ | – |
| લીટર | સરેરાશ ૧ લીટર દૂધનો ભાવ રૂપિયા | ૫૨.૭૬ | ૩૪.૧૭ | ૪૪.૪૭ (ગાય+ભેંસના મીક્ષ દૂધનો) |

## : મુખ્ય ખર્ચાઓ :

દૂધ ખરીદ કિંમત સિવાયનો અન્ય ખર્ચ પ્રતિકિલો દીઠ રૂા. ૪.૧૬ પૈસા છે. અન્ય ખર્ચની વિગત નીચે મુજબ છે.



## : દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ :

| | | | |
|---|---|---|---|
| ૧. | **દૂધનું વેચાણ (લીટર)** | | ૨૦૪૮૧૪૬૮૮ લીટર |
| | (૧.૧) સ્થાનિક માર્કેટમાં વેચાણ | ૪૩૫૯૨૦૧૨ લીટર | |
| | (૧.૨) મુંબઈમાં વેચાણ | ૧૨૯૨૮૩૫૬ લીટર | |
| | (૧.૩) આર.સી.એમ. અમૂલ ફેડ. ડેરીમાં વેચાણ | ૧૪૭૪૧૯૩૯૮ લીટર | |
| | (૧.૪) અન્ય ડેરીમાં વેચાણ (સ્ટાન્ડર્ડ મિલ્ક) | ૮૭૪૯૨૨ લીટર | |
| | કુલ | ૨૦૪૮૧૪૬૮૮ લીટર | |
| ૨ | અમૂલ છાશ વેચાણ (લીટર) | | ૧૦૮૨૫૮૫૩ લીટર |
| ૩ | અમૂલ મસ્તી દહીં વેચાણ | | ૮૪૯૮૬૮ કિલો |
| | (૮૫ ગ્રામ) | ૪૨૬૯૩ કિલો | |
| | (૨૦૦ ગ્રામ) | ૯૫૬૭૮ કિલો | |
| | (૪૦૦ ગ્રામ) | ૧૬૨૩૧૭ કિલો | |
| | (૧ કિલો) | ૧૪૩૧૪૦ કિલો | |
| | (૫ કિલો) | ૪૦૬૦૪૦ કિલો | |
| | કુલ | ૮૪૯૮૬૮ કિલો | |
| ૪ | અમૂલ લાઈટ દહીં વેચાણ (કિલો) | | ૧૬૨૦૯૬ કિલો |
| ૫ | અમૂલ ઘી વેચાણ | | ૭૧૧૬૭૨ લીટર |
| | (૫.૧) અમુલ બ્રાઉન ઘી વેચાણ (૫૦૦ એમ.એલ.) | ૭૮૫૦૪ લીટર | |
| | (૨૦૦ એમ.એલ) | ૧૫૩૧૨ લીટર | |
| | (૫.૨) અમુલ ઘી વેચાણ (૨૦૦ એમ.એલ.) | ૧૭૯૨૮ લીટર | |
| | (૫૦૦ એમ.એલ.) | ૧૯૯૨૩૪ લીટર | |
| | (૧ લીટર) | ૩૩૧૪૬૦ લીટર | |
| | (૧૫ કિલો) | ૬૯૨૩૪ કિલો | |
| | કુલ | ૭૧૧૬૭૨ કિલો | |
| ૬ | અમૂલ રબડી વેચાણ (કિલો) | | ૧૯૯૯ કિલો |
| ૭ | સુરસાગર ઘી | | ૨૫૬૫૭ કિલો |
| | (૧ લીટર) | ૬૯૬૦ લીટર | |
| | (૫ કિલો) | ૩૪૮૧ કિલો | |
| | (૧૫ કિલો) | ૧૫૨૧૬ કિલો | |
| | કુલ | ૨૫૬૫૭ કિલો | |

સ્થાનિક માર્કેટમાં દૈનિક સરેરાશ ૧.૮૯ લાખ લીટર દૂધ તથા દૂધની બનાવટોનું વેચાણ કરવામાં આવેલ છે. તેમજ સાબર ડેરી માંથી જરૂરિયાત મુજબ ૩૭૦૫૦૨૫ લીટર સ્કીમ્ડ મિલ્કની ખરીદી કરવામાં આવેલ છે. ઉપરોકત દૂધ અને દૂધની બનાવટોના પેકીંગ માટે વઢવાણ પ્લાન્ટ ખાતે ૩૨૨૮૦૪ કિ.ગ્રા. તથા મુંબઈ પ્લાન્ટ ખાતે ૬૧૫૪૪ કિ.ગ્રા. મળી કુલ ૩૮૪૩૪૮ કિ.ગ્રા. પ્લાસ્ટીક પોલી ફીલ્મનો ઉપયોગ કરવામાં આવેલ છે.

૧. અમૂલ બ્રાઉન ઘી નું ઉત્પાદન તા. ૦૫/૧૦/૨૦૨૧ ના રોજ ૨૦૦ એમ.એલ. તથા ૫૦૦ એમ.એલ. ના પેટજાર પેકીંગમાં શરૂ કરવામાં આવેલ છે.

૨. અમૂલ શુધ્ધ ઘીના ૨૦૦ એમ.એલ. તથા ૫૦૦ એમ.એલ. ના પેટજારનું પેકીંગ તા. ૧૭/૦૧/૨૦૨૨ ના રોજ શરૂ કરવામાં આવેલ છે.

૩. ધર્માદા ફંડ – જિલ્લામાં યોજાતા ધાર્મિક અને સામાજીક પ્રસંગોએ મોટી સંખ્યામાં દૂધ ઉત્પાદકો એકઠા થતા હોય છે. દૂધ ઉત્પાદકો દૂધ સંઘની વિકાસ લક્ષી પ્રવૃતિઓ અને દૂધ સંઘ દ્વારા બનતી વિવિધ બનાવટોથી માહીતગાર થાય અને બહોળી પ્રસિધ્ધી થાય તેવા શુભ આશયથી વર્ષ ૨૦૨૧–૨૨ માં ધાર્મિક સંસ્થાઓને ૩૨૦૦ લી. રૂા. ૬૧૨૦૦/– ની છાશનું વિતરણ ધર્માદા ફંડ માંથી કરવામાં આવેલ છે.

## : દૂધની ગુણવત્તા :

સ્થાનિક માર્કેટમાં તેમજ અમૂલ ફેડ. ડેરીમાં દૂધના વેચાણ માટે દૂધની ગુણવત્તા નિયત ધારા ધોરણ મુજબ જળવાઈ રહેવી ખાસ જરૂરી છે. દૂધની ગુણવત્તા જળવાઈ રહે તે માટે તમામ બીએમસીનું દૂધ ખાનાવાળા ટેન્કર મારફત અલગ અલગ ખાનામાં ડેરી પ્લાન્ટ ઉપર લાવી તેનું વજન કરી સેમ્પલ લઈ ડેરીની લેબોરેટરીમાં તમામ પ્રકારનું ટેસ્ટીંગ કરવામાં આવે છે. જો ટેસ્ટીંગ દરમ્યાન કોઈપણ બીએમસીના દૂધની ગુણવત્તા હલકી/ભેળસેળ યુકત જણાય તો તેવા બીએમસીના દૂધમાં કલર નાખી દૂધનો નાશ કરવામાં આવે છે. તેમજ અલગ અલગ ચાર ટીમ બનાવી ૨ ટીમ દ્વારા સવારના ટંકે તથા ૨ ટીમ દ્વારા સાંજના ટંકે દૂધ મંડળી/બીએમસીની આકસ્મિક મુલાકાત લઈ તમામ ગ્રાહકોના દૂધના સેમ્પલ તેમજ દૂધ મંડળીઓના જનરલ સેમ્પલ તથા બીએમસીના જનરલ સેમ્પલ લાવી તેનું સુરેન્દ્રનગર ખાતે સેન્ટ્રલ લેબમાં ટેસ્ટીંગ કરવામાં આવે છે. ટેસ્ટીંગમાં જો કોઈપણ



મંડળી/બીએમસીના દૂધની ગુણવત્તા હલકી જણાયતો આવી મંડળી/બીએમસી ઉપર સુપરવાઈઝરની ટીમ મોકલી તમામ ગ્રાહકોના તથા સંલગ્ન દૂધ મંડળીઓના દૂધની ચકાસણી કરવામાં આવે છે. મંડળીના/બીએમસીના દૂધની ગુણવત્તા હલકી જણાય તેવી મંડળી/બીએમસી ઉપર શિક્ષાત્મક દંડની કાર્યવાહી કરવામાં આવે છે. જો કોઈ એક મંડળી કે બીએમસીના દૂધની ગુણવત્તા વારંવાર હલકી આવે અને વારંવાર શિક્ષાત્મક દંડની કાર્યવાહી કરવા છતાં પણ દૂધની ગુણવત્તામાં સુધારો ન થાય તેવા સંજોગોમાં આવી મંડળી કે બીએમસીનું દૂધ સંઘમાં સ્વીકારવાનું બંધ કરવામાં આવે છે અને મંડળીની વ્યવસ્થાપક કમિટીના તમામ સભ્યોને દૂધ સંઘની ઓફીસે રૂબરૂ બોલાવી દૂધની હલકી ગુણવત્તા બાબતે તથા હલકી ગુણવત્તાના કારણે દૂધ મંડળીને તથા દૂધ સંઘને થતા નુકશાન બાબતે સમજ આપવામાં આવે છે. તેમજ રૂા. ૩૦૦/– ના નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર સારી ગુણવત્તાનું દૂધ જ મોકલવા અંગેની લેખિત બાંહેધરી આપવામાં આવે ત્યાર પછી જ આવી મંડળી કે બીએમસી ને પુનઃ શરૂ કરવામાં આવે છે. હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન ટીમ દ્વારા દૂધ મંડળી/બીએમસીની આકસ્મિક મુલાકાત લઈ ૧૮૪૫ જેટલા સેમ્પલો લઈ સુરેન્દ્રનગર ડેરીની સેન્ટ્રલ લેબમાં ટેસ્ટીંગ કરાવી જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ છે.

દૂધ ભરી આવતા ટેન્કરોની સફાઈ વ્યવસ્થિત રીતે થઈ શકે તેના માટે ટેન્કર સી.આઈ.પી. સીસ્ટમ તા. ૧૮/૦૨/૨૦૨૨ થી શરૂ કરવામાં આવેલ છે. જેના કારણે બી.એમ.સી. ઉપરથી દૂધ પરિવહન કામગીરીમાં કાર્યરત ટેન્કરોની વ્યવસ્થિત સફાઈ થવાથી દૂધની ગુણવત્તામાં સુધારો થશે.

## : દૂધ સંજીવની યોજના :

ગુજરાત સરકારશ્રીના મધ્યાહન ભોજન તથા આઈ.સી.ડી.એસ. વિભાગો દ્વારા જિલ્લાના ૬ તાલુકાની પ્રાથમિક શાળાઓ અને આંગણવાડીના બાળકોને તેમજ ૬ પૈકી ૩ તાલુકાની ધાત્રી માતાઓ તથા સગર્ભા સ્ત્રીઓને પોષણક્ષમ આહાર મળી રહે તેવા હેતુથી દૂધ સંજીવની યોજના અંતર્ગત ૨૦૦ એમ.એલ. ના પાઉચમાં ફલેવર્ડ મિલ્કનું વિતરણ કોરોનાનું સંક્રમણ ઓછુ થયા પછી સ્કુલો અને આંગણવાડીઓ રાબેતા મુજબ ચાલુ થવાથી તા. ૨૦/૦૩/૨૦૨૨ થી પુનઃ શરૂ કરવામાં આવેલ છે.



## : બલ્ક મિલ્ક કૂલર :

દૂધ અને દૂધની બનાવટોના સ્થાનિક તેમજ વૈશ્વિક માર્કેટીંગમાં ખાનગી વેપારીઓ તથા મલ્ટીનેશનલ કંપનીઓ વચ્ચે ગળાકાપ હરીફાઈ પ્રવર્તે છે આવા સંજોગોમાં જે કંપનીના ઉત્પાદનોની ગુણવત્તા ઉત્તમ હશે તેજ બજારમાં ટકી શકશે. દૂધ અને દૂધની બનાવટોના ઉચ્ચ ગુણવત્તાયુકત ઉત્પાદન માટે એકત્રીત કરવામાં આવતા દૂધની ગુણવત્તા સારી હોવી જરૂરી છે. ઉંચી ગુણવત્તાયુકત દૂધના સંપાદન માટે દૂધ મંડળીઓ ઉપર બીએમસી સ્થાપવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર, રાજય સરકારની સહાય તથા મંડળીઓએ પોતાના સ્વખર્ચે શરૂ કરેલ બીએમસી મળી કુલ ૧૮૨ બીએમસી સ્થાપવામાં આવેલ છે.તમામ બીએમસી કલસ્ટરમાં ચલાવવામાં આવે છે. દૂધ સંઘ દ્વારા જે દૂધ સંપાદન કરવામાં આવે છે તે પૈકી ૯૭.૧૭% દૂધ કલસ્ટર બીએમસી મારફત તથા ૨.૮૩% દૂધ કેન રીસીવીંગ મારફત કરવામાં આવે છે. મંડળીઓ ઉપર ઈન્સ્ટોલ કરવામાં આવેલ બીએમસીની તાલુકાવાર માહીતી નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | બીએમસીની સંખ્યા | | | | | બીએમસીની માલીકી | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫૦૦૦ લી. ની ક્ષમતા | ૪૦૦૦ લી. ની ક્ષમતા | ૩૦૦૦ લી. ની ક્ષમતા | ૨૦૦૦ લી. ની ક્ષમતા | કુલ | દૂધ મંડળીની | દૂધ સંઘની |
| ૧ | ચોટીલા | ૧૬ | – | ૫ | ૪ | ૨૫ | ૫ | ૨૦ |
| ૨ | ચુડા | ૧૦ | – | ૨ | ૫ | ૧૭ | ૨ | ૧૫ |
| ૩ | થાનગઢ | ૬ | – | ૨ | ૫ | ૧૩ | ૧ | ૧૨ |
| ૪ | દસાડા | ૮ | – | ૧ | ૧ | ૧૦ | – | ૧૦ |
| ૫ | ધ્રાંગધ્રા | ૧૮ | – | ૫ | ૧ | ૨૪ | ૩ | ૨૧ |
| ૬ | મુળી | ૯ | – | – | – | ૯ | ૧ | ૮ |
| ૭ | લખતર | ૭ | – | ૧ | ૨ | ૧૦ | – | ૧૦ |
| ૮ | લીંબડી | ૧૧ | – | ૪ | ૫ | ૨૦ | – | ૨૦ |
| ૯ | વઢવાણ | ૧૬ | – | ૫ | ૬ | ૨૭ | ૭ | ૨૦ |
| ૧૦ | સાયલા | ૧૫ | ૧ | ૬ | ૫ | ૨૭ | ૬ | ૨૧ |
| | કુલ | ૧૧૬ | ૧ | ૩૧ | ૩૪ | ૧૮૨ | ૨૫ | ૧૫૭ |

રેડ ટેગ ડે કોમ્પીટીશન–૨૦૨૧ અંતર્ગત ૭૩૦ દૂધ મંડળીઓ / દૂધ ખરીદ કેન્દ્રોને દૂધ ના જથ્થાના પ્રમાણમાં એ, બી, સી, એમ ત્રણ વિભાગમાં વહેચવામાં આવેલ. આ દૂધ મંડળીઓનું તાલુકાવાઈઝ સંઘના અધિકારીઓ મારફત સ્વચ્છતા અંગે મૂલ્યાંકન કરાવવામાં આવેલ. મૂલ્યાંકનના આધારે દરેક વિભાગમાં પ્રથમ ૧ થી ૧૦ નંબરમાં આવેલ મંડળીઓને વિજેતા જાહેર કરવામાં આવેલ અને વિજેતા મંડળીઓને ક્રમાનુસાર ઈનામ વિતરણ કરવામાં આવેલ છે

## : પશુ આહાર – અમૂલદાણ / સુરસાગર દાણ :

ગુણવત્તાયુકત દૂધના ઉત્પાદન માટે પશુઓને ગુણવત્તાયુકત આહાર આપવો ખાસ જરૂરી છે. ઘણા બધા દૂધ ઉત્પાદકો દ્વારા બજારમાં મળતા હલકી ગુણવત્તાનું દાણ, કપાસનો ખોળ, ગવારભરડો, મકાઈ ભુંસુ જેવો પશુ આહાર તેમના પશુઓને આપતા હોય છે. પરીણામે તેની અસર દૂધની ગુણવત્તા ઉપર થાય છે. દૂધના પૂરતા એસ.એન.એફ મળતા નથી, આથી હલકી ગુણવત્તાવાળુ દૂધ મંડળીમાં સ્વીકારવામાં આવતું નથી. જો મંડળી તરફથી આવી હલકી ગુણવત્તાનું દૂધ સ્વીકારવામાં આવે તો મંડળીના તમામ દૂધની ગુણવત્તા ઉપર તેની અસર થાય છે. તેમજ પશુઓના આરોગ્ય ઉપર પણ અવળી અસર થાય છે. પશુ સમયસર ગરમીમાં આવતા નથી, પરીણામે સમયસર ગાભણ થતા નથી. આથી બે વિયાણ વચ્ચેનો ગાળો લંબાય છે. પરીણામે દૂધ ઉત્પાદકને આર્થિક નુકશાન થાય છે. આવા નુકશાનથી બચવા માટે પશુઓના આહારમાં નિયમિત ગુણવત્તાયુકત પ્રોટીનથી ભરપુર અમૂલ પાવરદાણ / સુરસાગરદાણનો ઉપયોગ કરવા જણાવવામાં આવે છે. દૂધ સંઘ પાસે દાણ બનાવવા માટેની પોતાની ફેકટરી નહિ હોવા છતાં દૂધ ઉત્પાદકોના લાભાર્થે અન્ય ડેરીમાંથી અમૂલદાણ લાવી દૂધ સંઘના જવાબદાર કર્મચારીની દેખરેખ હેઠળ સુરસાગર દાણનું નિયત ગુણવત્તા મુજબ પેકીંગ કરાવી નહિ નફો નહિ નુકશાનના ધોરણે પુરૂ પાડવામાં આવે છે. હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન માસવાર વેચાણ કરવામાં આવેલ અમૂલ પાવરદાણ / સુરસાગર દાણ, બફેલો દાણ, બચ્ચાદાણ તથા મીનરલ મીક્ષ્ચરના વેચાણની માહિતી નીચે મુજબ છે.



| માસ :– | એપ્રિલ ૨૦૨૧ | મે ૨૦૨૧ | જુન ૨૦૨૧ | જુલાઈ ૨૦૨૧ | ઓગષ્ટ ૨૦૨૧ | સપ્ટેમ્બર ૨૦૨૧ | ઓકટો. ૨૦૨૧ | નવેમ્બર ૨૦૨૧ | ડિસેમ્બર ૨૦૨૧ | જાન્યુ. ૨૦૨૨ | ફેબ્રુ. ૨૦૨૨ | માર્ચ ૨૦૨૨ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમૂલ પાવરદાણ/ સુરસાગર દાણ ૫૦ કિલો બોરી નંગ | ૨૩૪૪૬ | ૨૨૫૬૯ | ૨૫૨૧૯ | ૨૪૩૦૫ | ૨૭૪૧૧ | ૨૭૨૪૫ | ૨૪૦૧૫ | ૨૩૨૪૯ | ૨૫૪૪૨ | ૨૮૮૫૦ | ૨૫૭૪૩ | ૨૦૦૧૨ | ૨૯૭૫૦૬ |
| બફેલો દાણ ૫૦ કિલો બોરી નંગ | ૧૪૦ | ૮૧ | ૧૧૭ | ૫૯ | ૨૧ | ૧૯ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૪૩૭ |
| બચ્ચાદાણ ૨૦ કિલો બોરી નંગ | ૧૨ | ૩૦ | ૩૩ | ૧૬ | ૧૧ | ૧૦ | ૯૮ | ૦૦ | ૨૭ | ૨૮ | ૧૨ | ૪૯ | ૩૨૬ |
| મીનરલ મિક્ષ્ચર ૧ કિલો પેક | ૫૪ | ૭૩ | ૧૦૨ | ૫૨ | ૮૨ | ૭૦ | ૭૮ | ૪૫ | ૧૧૮ | ૫૨ | ૨૫ | ૪૩ | ૭૯૪ |

### : પશુ સ્વાસ્થ્ય અને સંવર્ધન :

આરોગ્યપ્રદ અને ગુણવત્તાયુકત દૂધના ઉત્પાદન માટે સમૃધ્ધ પશુઆહાર અને ખાણદાણની સાથે સાથે પશુનું સ્વાસ્થ્ય પણ સારૂ જળવાઈ રહે તે ખૂબજ જરૂરી છે. પશુઓના સ્વાસ્થ્ય અને સંવર્ધન માટે દૂધ સંઘના એ.એચ. વિભાગ દ્વારા પશુપાલનને લગતી ભિન્ન ભિન્ન પ્રવૃતિઓ મારફત સઘન પ્રયત્નો કરવામાં આવે છે.



### : પશુ સારવાર :

જિલ્લાના દૂધ ઉત્પાદકોના પશુઓને સસ્તી સારી અને ઝડપી પશુ સારવાર મળી રહે તે માટે દૂધ સંઘ દ્વારા ટોલ ફ્રી નંબર શરૂ કરી તેના ઉપર સ્પે. વિઝીટ નોંધવામાં આવે છે. જિલ્લાના ૫ તાલુકા મથકોએ પશુ સારવાર કેન્દ્ર કાર્યરત કરી ૧૨ ડોકટરોની ટીમ દ્વારા સમગ્ર જિલ્લામાં પશુ સારવાર આપવામાં આવે છે. હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન કુલ ૨૪૦૧૫ પશુઓને સારવાર આપેલ છે. તે પૈકી ૧૪૮૮૨ ભેંસ વર્ગના પશુઓ તથા ૯૧૩૩ ગાય વર્ગના પશુઓનો સમાવેશ થાય છે. પશુઓની જુદા જુદા પ્રકારની બિમારીઓ પૈકી સૌથી વધુ ૧૮૨૨ વિઝીટ આંચળને લગતી બિમારીઓની થયેલ છે. તેમજ ૬૨ શીંગડાની કરમોડીના ઓપરેશન કરવામાં આવેલ છે.

### : કૃમિ નિવારણ અભિયાન :

ઘાસચારા સાથે કૃમિ પશુના શરીરમાં પ્રવેશ કરે છે અને ત્યાં રહીને પોષક તત્વોની ચોરી કરે છે. જે રીતે ખેતરમાં નિંદામણ મુખ્ય પાકને નુકશાન કરે છે બિલકુલ તેવી જ રીતે કૃમિ પશુના શરીરના વિકાસને અટકાવે છે. સંક્રમણ વધવાની સ્થિતિમાં ગંભીર બિમારીઓ ઉત્પન્ન થાય છે અને કયારેક પશુનું મરણ પણ થાય છે. દર વર્ષે કૃમિનાશક અભિયાન ચલાવી ૫૦% ના રાહતદરે કૃમિનાશક દવાઓ દૂધ મંડળીઓને આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન કુલ ૪૪૩૭૦ પશુઓને કૃમિ નિવારણની દવાનું વિતરણ કરવામાં આવેલ છે.


### : રોગ પ્રતિકારક રસીકરણ કાર્યક્રમ :

દૂધ મંડળીઓની માંગણીના આધારે તેમજ ગુજરાત રાજયના પશુપાલન વિભાગના સંકલનમાં ફાળે આવેલ ગામડાઓમાં કૃત્રિમ બીજદાન કર્મચારીઓ મારફત રસીકરણની કામગીરી કરવામાં આવે છે.

- ખરવા–મોવાસા વાયરસ જનિત રોગ છે જેની રસી વર્ષમાં ૨ વખત મુકવાની હોય છે. વર્ષ ૨૦૨૧–૨૨ માં કુલ ૨૪૫૦૦ પશુઓને રસી મુકેલ છે.
- ગળસૂંઢાની રસી ચોમાસુ શરૂ થાય તે પહેલા મે–જૂન માસમાં આપવાની હોય છે. હિસાબી વર્ષ દરમ્યાન કુલ ૭૯૭૬૦ પશુઓને આ રસી આપવામાં આવેલ છે.



## : પ્રજનન ક્ષમતા સુધારણા (વ્યંધત્વ નિવારણ કેમ્પ) કાર્યક્રમ :




પ્રજનન ક્ષમતા સુધારણા કાર્યક્રમ અંતર્ગત પસંદ કરેલ ગામોમાં ૩ વર્ષ કે તેથી વધારે ઉંમરની પાડી કે વાછરડીઓ જે ગાભણ થયેલ ન હોય તેમજ વસુકી ગએલ ગાય કે ભેંસ જે વેતરમાં આવતી નથી કે અન્ય કારણોસર ગાભણ થતી નથી તેઓને આ કાર્યક્રમ અંતર્ગત રજીસ્ટર કરવામાં આવે છે. આવા પશુઓને સારવારની સાથે સાથે ૨ બોરી દાણ સહાયમાં આપવામાં આવે છે.

હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨ માં કુલ ૮૩ ગામમાં ૨૪૯ કેમ્પનું આયોજન કરી ૪૩૯૯ પશુઓને આ કાર્યક્રમ હેઠળ સારવાર આપેલ છે. ૬૩૮૦ બોરી દાણ સહાય પેટે આપવામાં આવેલ છે. અત્યાર સુધીમાં કુલ ૨૯૧૫ પશુઓ ગાભણ થયેલ છે.

## : કૃત્રિમ બીજદાન :

ઓછા ખર્ચે વધારે દૂધ ઉત્પાદન મેળવવા માટે સારી ઓલાદના પશુ રાખવા જરૂરી છે. સારી ઓલાદના પશુ સંવર્ધન માટે ઉત્તમ ઓલાદના નર પશુના સીમેન ડોઝ દ્વારા કૃત્રિમ બીજદાન થકી પશુઓને ફેળવવા જરૂરી છે. કૃત્રિમ બીજદાનથી માદા પશુને થતા ચેપી રોગ અટકાવી શકાય છે.



હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨માં કુલ ૭૩ કૃત્રિમ બીજદાન કેન્દ્રો મારફત ૧૨૪૮૩ કૃત્રિમ બીજદાન કરેલ છે. જે ભેંસ વર્ગમાં ૬૨૪૫ તથા ગાય વર્ગમાં ૬૨૩૮ કૃત્રિમ બીજદાન કરવામાં આવેલ છે. કૃત્રિમ બીજદાનથી ૨૮૦૯ બચ્ચાઓનો જન્મ થયેલ છે.

## –: સેકસડ્ સોર્ટેડ સીમેન ડોઝ :–

કૃત્રિમ બીજદાન નો વ્યાપ વધે અને લોકો તેમના પશુઓને કૃત્રિમ બીજદાન કરાવવા પ્રેરાય તે માટે સેકસડ્ સોર્ટેડ સીમેન ડોઝ કે જે ડોઝના ઉપયોગથી ૮૫ થી ૯૦% સુધી માદા બચ્ચાના જન્મની શકયતા રહે છે તેવા ડોઝથી કૃત્રિમ બીજદાન ઓગષ્ટ–૨૦૨૧ થી કાર્યરત છે. આજ દિન સુધી ૧૯૨ પશુઓને સેકસડ્ સોર્ટેડ સીમેન ડોઝ મુકવામાં આવેલ છે. સેકસડ્ સોર્ટેડ સીમેન ડોઝની કિંમત રૂા. ૭૫૦/– છે. પરંતુ દૂધ ઉત્પાદકો કૃત્રિમ બીજદાન કરવા પ્રેરાય તેટલા માટે ગ્રાહક પાસેથી ફકત રૂા. ૨૦૦/– ચાર્જ લેવામાં આવે છે. પ્રતિ ડોઝ રૂા. ૫૫૦/–ની સબસીડી આપવામાં આવે છે.

## : ઘરગથ્થુ ઉપચારથી પશુઓની સારવાર :

હાલ ગળીયા (આઉ/આંચળ)ની બીમારીના ઉપચાર માટે ઘરગથ્થુ સારવાર પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન કુલ ૩૯૩ પશુઓને આ પધ્ધતિથી સારવાર આપવામાં આવેલ છે. તે પૈકી ૩૧૫ પશુ સફળતાપૂર્વક સાજા થયેલ છે. ભવિષ્યમાં અન્ય બિમારીઓના ઉપચારમાં પણ આ પધ્ધતિનો વધુમાં વધુ ઉપયોગ કરી એન્ટીબાયોટીક દવાઓનો ઉપયોગ ઘટાડવાનું આયોજન છે.

## : પાડી / વાછરડી ઉછેર કાર્યક્રમ :

કૃત્રિમ બીજદાનથી જન્મેલ પાડી / વાછરડીનો વૈજ્ઞાનિક ઢબે ઉછેર થાય એ બાબતે પશુ પાલકોને માહિતગાર કરવા માટેનો કાર્યક્રમ છે. પસંદગી પામેલ માદા બચ્ચાને ખાણ–દાણની સહાય આપવાની જોગવાઈ છે, જે લક્ષ્યાંક આધારિત છે.

૧. દેશી ગાય (ગીર–કાંકરેજ) અને પાડી માટે પ્રથમ વિયાણની ઉંમર ૪૦ માસ

૨. શંકર ગાય માટે પ્રથમ વિયાણની ઉંમર ૩૦ માસ.

આ કાર્યક્રમ અંતર્ગત કુલ ૨૦૧ માદા બચ્ચાઓને રજીસ્ટર કરેલ છે અને તેઓને કુલ રૂા. ૨૯૪૮૪૪/– ની સહાય પણ ચુકવવામાં આવેલ છે.

## : સ્ટ્રેટેજિક પાડી / વાછરડી ઉછેર કાર્યક્રમ :

આ કાર્યક્રમ અંતર્ગત નોંધાયેલ પાડી / વાછરડી નીચે જણાવ્યા મુજબના લક્ષ્યાંક પૂર્ણ કરે તો તેને રૂા. ૩૦,૦૦૦/– ની સહાય આપવાની જોગવાઈ છે.

૧. ગીર / કાંકરેજ અને ભેંસ માટે – પ્રથમ વિયાણની ઉંમર ૩૦ માસ

૨. શંકર ગાય માટે – પ્રથમ વિયાણની ઉંમર ૨૪ માસ

ઉપરોકત કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધીમાં ૧૫ બચ્ચાઓને રજીસ્ટર કરેલ છે. જે નીચે મુજબ છે.

- લીંબડી :– ૮ (ગીર વાછરડી)
- નાના સખપર :– ૩ (૧ પાડી, ૧ શંકર વાછરડી, ૧ ગીર વાછરડી)
- મોટા સખપર :– ૧ (શંકર વાછરડી)
- ધરમપુર :– ૧ (ગીર વાછરડી)
- ચાચકા :– ૧ (પાડી)
- વિઠલાપરા :– ૧ (પાડી)

## : ગળીયા રોગ નિયંત્રણ કાર્યક્રમ :

પાચન સબંધી તકલીફો પછી દૂધાળા પશુઓમાં સૌથી વધુ થતો રોગ એ ગળીયા (આંચળ / બાવલાની બિમારી) નો રોગ છે. આ રોગમાં ઘણી વખત ભારેમાં ભારે એન્ટીબાયોટીક દવા પણ અસર કરતી નથી. તેમજ એન્ટીબાયોટીક દવાઓના અવશેષો ઓછામાં ઓછા ૭૨ કલાક સુધી દૂધમાં આવે છે. આથી આવા દૂધનો વપરાશ હાનિકારક છે. જેના કારણે દૂધ ઉત્પાદકને આર્થિક નુકશાન થાય છે.

છુપાયેલો ગળીયો :– ગળીયાના રોગની પ્રારંભિક અવસ્થા છે. જેમાં કોઈ બહારી લક્ષણો દેખાતા નથી. પરંતુ ફકત દૂધના ઉત્પાદનમાં થોડોક ઘટાડો થાય છે. જો આ રોગનું તેના પ્રારંભિક અવસ્થામાં નિદાન કરવામાં આવે તો તેની સરળતાથી સારવાર કરી શકાય છે. તેમજ દૂધના ઉત્પાદનમાં થતો ઘટાડો રોકી શકાય છે.

કેલીફોર્નીયા મેસ્ટાટીસ ટેસ્ટ (CMT) :– આ ટેસ્ટ થી છુપાયેલા ગળીયાના રોગનું નિદાન થઈ શકે છે અને તેને સારવાર આપી શકાય છે.

હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨ માં કુલ ૯૩ દૂધ મંડળીઓના ૧૧૧૭૨ ગ્રાહકોના દૂધના સેમ્પલનો CMT તપાસ કરતાં ૯૫૭ ગ્રાહકોના દૂધના સેમ્પલો પોઝીટીવ આવતા આ ગ્રાહકોના ૧૫૭૪ પશુઓની CMT તપાસ કરવામાં આવેલ જેમાંથી ૧૧૬૩ પશુઓ પોઝીટીવ આવેલ જેઓને સારવાર આપવામાં આવેલ તે પૈકી ૮૭૩ પશુઓ સ્વસ્થ થયેલ છે.

## : પશુ રજીસ્ટ્રેશન :

સરકારશ્રીની ૧૦૦% સહાયથી ચાલતા પશુ રજીસ્ટ્રેશન કાર્યક્રમ અંતર્ગત અમૂલ સોફટવેરમાં ૪૫૮૬૯ અને ઈનાફ સોફટવેરમાં ૩૧૯૧૩ મળી કુલ ૭૭૭૮૨ પશુઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે.

## :: પશુ સારવાર–પશુ ઓલાદ સુધારણા પ્રવૃતિની માહિતી દર્શાવતુ પત્રક ::

| અ.નં. | પ્રવૃત્તિની વિગત | ૨૦૧૭–૧૮ | ૨૦૧૮–૧૯ | ૨૦૧૯–૨૦ | ૨૦૨૦–૨૧ | ૨૦૨૧–૨૨ |
|---|---|---|---|---|---|---|
| ૧. | પશુ સારવાર–સ્પેશ્યલ વિઝિટ | ૧૮૨૭૩ | ૨૧૪૨૧ | ૨૪૬૮૭ | ૨૦૫૮૫ | ૨૪૦૧૫ |
| ૨. | વ્યંધ્યત્વ નિવારણ કેમ્પ :– | | | | | |
| | વ્યંધ્યત્વ નિવારણ કેમ્પની સંખ્યા | ૨૧૫ | ૧૯૨ | ૩૭ | ૧૧૪ | ૨૪૯ |
| | સારવાર થયેલ પશુની સંખ્યા | ૫૫૭૨ | ૩૬૮૦ | ૧૧૨૮ | ૧૩૧૦ | ૪૩૯૯ |
| ૩. | કૃત્રિમ બીજદાન કેન્દ્ર :– | | | | | |
| | કૃત્રિમ બીજદાન કેન્દ્રની સંખ્યા | ૮૩ | ૫૪ | ૫૩ | ૩૮ | ૭૩ |
| | થયેલ કૃત્રિમ બીજદાનની સંખ્યા | ૧૨૩૨૮ | ૧૩૬૨૬ | ૧૩૪૬૭ | ૧૧૦૦૨ | ૧૨૪૮૩ |
| ૪. | કૃમિ નિવારણ ડોઝ | ૨૯૨૫૮ | ૫૦૩૭૫ | – | ૨૨૧૮૪ | ૪૪૩૭૦ |
| ૫. | રસીકરણ :– | | | | | |
| | ખરવા–મોવાસા | ૧૧૪૫૪૫ | ૧૬૭૧૨૧ | ૧૩૨૭૩૬ | ૩૮૦૨૨ | ૨૪૫૦૦ |
| | ગળસૂંઢો | ૨૭૨૯૮ | ૩૭૬૫૨ | ૧૬૫૩૬ | ૪૫૩૯ | ૭૯૭૬૦ |
| | થાઈલેરીયા | – | ૧૩૮ | – | – | – |
| | હડકવા | – | ૧૬૮ | ૬૮૪ | ૨૯૭ | ૧૨૧ |
| ૬. | પશુપાલક જાગૃતિ કાર્યક્રમ | – | ૪૬ | ૩૧ | ૬૦ | ૮૦ |
| ૭. | પશુ ઓળખ અને રજીસ્ટ્રેશન | ૨૫૮૦૦ | ૩૧૯૧૩ | ૫૫૩૬૨ | ૬૪૫૪૩ | ૭૭૭૮૨ |

## : ભાવિ આયોજન :

**વંધ્યત્વ નિવારણ કાર્યક્રમ** :– વર્ષ ૨૦૨૨–૨૩ માં ૧૨૫ ગામના ૫૦૦૦ જેટલા પશુઓને આ કાર્યક્રમ અંતર્ગત સારવાર આપવાનું લક્ષ્ય રાખેલ છે.

**કૃત્રિમ બીજદાન કેન્દ્ર** :– હાલમાં ૭૩ કૃત્રિમ બીજદાન કેન્દ્ર ચાલુ છે. તેમાં વધારો કરી વર્ષ ૨૦૨૨–૨૩ ના અંત સુધીમાં ૧૨૦ જેટલા બીજદાન કેન્દ્ર કાર્યરત કરવાનું આયોજન છે.

**ભ્રૂણ પ્રત્યારોપણ કાર્યક્રમ** :– આ કાર્યક્રમ અંતર્ગત સુરેન્દ્રનગર જીલ્લામાં વધુ દૂધ ઉત્પાદકતા ધરાવતી ગાયોના વધુમાં વધુ બચ્ચા મેળવવા માટે ઓછી ઉત્પાદકતા ધરાવતી ગાયોમાં વધુ ઉત્પાદકતા ધરાવતી ગાયોના ભ્રૂણ પ્રત્યારોપણ કરવામાં આવશે. જેના લીધે ઓછી ઉત્પાદકતા ધરાવતી ગાયો દ્વારા વધુ દૂધ ઉત્પાદન કરતા બચ્ચા મેળવી શકાય.

## : દૂધ ઉત્પાદકોના દુધાળા પશુદીઠ વધુ દૂધ ઉત્પાદન હરીફાઈ ઈનામી યોજના : :

શુધ્ધ ઓલાદના અને વધુ દૂધ ઉત્પાદન ક્ષમતાના પશુઓ, પશુપાલનના ધંધાનો આધાર છે. દૂધ વ્યવસાયની પ્રવૃતિને સારી રીતે વેગ આપવા અને પશુપાલકો સારી ઓલાદના પશુઓના ઉછેર કરવા પ્રેરાય તે માટે દૂધ સંઘ દ્વારા જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ દુધાળા પશુદીઠ વધુ દૂધ ઉત્પાદન હરીફાઈ ઈનામી યોજનાનું આયોજન કરેલ હતુ. આ યોજનાનો સમયગાળો ૧ ફેબ્રુઆરી–૨૦૨૨ થી ૩૧ માર્ચ–૨૦૨૨ સુધી હતો. આ હરીફાઈ નીચે મુજબના ૪ વિભાગમાં યોજવામાં આવેલ હતી.

### : જિલ્લા કક્ષાની ઈનામી યોજના :

| અ.નં. | વિગત | દેશી ગાય વિભાગ (ગીર / કાંકરેજ ઓલાદ) | ભેંસ વિભાગ (જાફરાબાદી ઓલાદ) | ભેંસ વિભાગ (અન્ય તમામ ઓલાદ) | શંકર ગાય વિભાગ |
|---|---|---|---|---|---|
| ૧. | પ્રથમ ઈનામ | રૂા. ૧૫,૦૦૦/– | રૂા. ૧૫,૦૦૦/– | રૂા. ૧૫,૦૦૦/– | રૂા. ૧૫,૦૦૦/– |
| ૨. | બીજું ઈનામ | રૂા. ૧૦,૦૦૦/– | રૂા. ૧૦,૦૦૦/– | રૂા. ૧૦,૦૦૦/– | રૂા. ૧૦,૦૦૦/– |
| ૩. | ત્રીજું ઈનામ | રૂા. ૭,૫૦૦/– | રૂા. ૭,૫૦૦/– | રૂા. ૭,૫૦૦/– | રૂા. ૭,૫૦૦/– |

### : તાલુકા કક્ષાની ઈનામી યોજના :

| અ.નં. | વિગત | દેશી ગાય વિભાગ (ગીર / કાંકરેજ ઓલાદ) | ભેંસ વિભાગ (જાફરાબાદી ઓલાદ) | ભેંસ વિભાગ (અન્ય તમામ ઓલાદ) | શંકર ગાય વિભાગ |
|---|---|---|---|---|---|
| ૧. | પ્રથમ ઈનામ | રૂા. ૫,૦૦૦/– | રૂા. ૫,૦૦૦/– | રૂા. ૫,૦૦૦/– | રૂા. ૫,૦૦૦/– |
| ૨. | બીજું ઈનામ | રૂા. ૩,૦૦૦/– | રૂા. ૩,૦૦૦/– | રૂા. ૩,૦૦૦/– | રૂા. ૩,૦૦૦/– |
| ૩. | ત્રીજું ઈનામ | રૂા. ૨,૦૦૦/– | રૂા. ૨,૦૦૦/– | રૂા. ૨,૦૦૦/– | રૂા. ૨,૦૦૦/– |



સુ.નગર જિ.સહ.દૂ.ઉ.સંઘ લી., દ્વારા આયોજીત દૂધ ઉત્પાદન ઈનામી હરીફાઈ યોજનામાં શ્રી બોરણા દૂ.ઉ.સ.મં.લી., મુ. બોરણા, તા. લીંબડી ના ગ્રાહક શ્રી ભુરાભાઈ સોંડાભાઈ સિંઘવની દેશી ભેંસ દૈનિક ૨૧.૫ લી. દૂધ ઉત્પાદન કરી હરીફાઈમાં પ્રથમ નંબરે આવેલ છે.



શ્રી ઝીંઝાવદર દૂ.ઉ.સ.મંડળી લી., મુ.ઝીંઝાવદર, તા. ચુડા ના ગ્રાહક શ્રી દાનાભાઈ ગગજીભાઈ જોગરાણાની ગીર ગાય દૈનિક ૨૨.૫ લી. દૂધ ઉત્પાદન કરી હરીફાઈમાં પ્રથમ નંબરે આવેલ છે.



શ્રી સોનઠા દૂ.ઉ.સ.મંડળી લી., મુ.સોનઠા, તા.ચુડા ના ગ્રાહક શ્રીમતિ શારદાબેન મહેશભાઈ ડાભીની ગીર ગાય દૈનિક ૧૭.૪ લી. દૂધ ઉત્પાદન કરી હરીફાઈમાં બીજા નંબરે આવેલ છે.

## : સ્વરોજગાર ના હેતુ ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપનાની સહાય યોજના :

આપણા વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ખેડૂતોની આવક બમણી કરવાના ધ્યેય ને સાર્થક કરવા તથા સ્વરોજગારીના ઉપાર્જનના હેતુથી રાજય સરકારશ્રીની સહાયથી ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપવાની યોજના વર્ષ ૨૦૧૮–૧૯ થી શરૂ કરવામાં આવેલ છે. આ યોજના અન્વયે વર્ષ ૨૦૧૮–૧૯ માં કુલ ૩૯ યુનિટ સ્થાપવામાં આવેલ છે. જેને આજદિન સુધી રૂા. ૧,૧૩,૩૩,૫૦૩/૩૪ પૈસાની સહાય ચુકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૯–૨૦માં કુલ ૧૪ યુનિટ સ્થાપવામાં આવેલ છે જેને આજદિન સુધી કુલ રૂા. ૩૧,૭૮,૦૫૨/૦૦ પૈસાની સહાય ચુકવવામાં આવેલ છે તથા વર્ષ ૨૦૨૦–૨૧માં કુલ ૧૪ યુનીટ સ્થાપવામાં આવેલ છે જેને આજદિન સુધી કુલ રૂા. ૨૬,૬૪,૫૮૬/૦૦ પૈસાની સહાય ચુકવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૧–૨૨માં કુલ ૩૮ યુનિટ માટેની અરજીઓ આવેલ છે જેની ચકાસણીની કામગીરી ચાલુ છે. વર્ષ ૨૦૧૮–૧૯ તથા વર્ષ ૨૦૧૯–૨૦ તથા ૨૦૨૦–૨૧ માં કુલ ૬૭ યુનિટ કાર્યરત થયેલ છે. તે પૈકી ૩૯ યુનિટ ભેંસ / શંકરગાયના, ૨૭ યુનિટ ગીરગાયના તથા ૧ યુનિટ SC કેટેગરી (જનરલ) કાર્યરત થયેલ છે.

## : વૃક્ષારોપણ – પર્યાવરણ જાળવણી :

પર્યાવરણની જાળવણી માટે વૃક્ષોનું ખૂબજ મહત્વ છે. દર વર્ષે ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય પર્વને વૃક્ષારોપણદિન તરીકે ઉજવવામાં આવે છે. શ્વેતક્રાન્તિની સાથે સાથે હરિતક્રાન્તિ માટે ગ્રામ્ય કક્ષાએ દૂધ મંડળીના દૂધ ઉત્પાદકોને સામેલ કરી સામુહિક વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન બધાના સામુહિક પ્રયાસો થકી ૯૬૬૨૯ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.





## : સભાસદ/ગ્રાહક કલ્યાણકારી વિવિધ યોજનાઓ :

જિલ્લાની દૂધ મંડળીઓના સભાસદો / ગ્રાહકોના લાભાર્થે દૂધ સંઘ દ્વારા નીચે જણાવ્યા મુજબની વિવિધ કલ્યાણકારી યોજનાઓ ચલાવવામાં આવે છે.

### :: જુથ વીમા યોજના ::

જીવનવીમા નિગમની જી.આઈ.(જનશ્રી વીમા) યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧–૨૨ માં ૬૪૨ દૂધ મંડળીના ૪૧૦૩૯ દૂધ ઉત્પાદકોને વીમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેવામાં આવેલ છે. આ યોજનામાં પ્રત્યેક ઉત્પાદક દીઠ રૂા. ૧૨૨.૭૨ પૈસા મુજબ પ્રિમીયમ ભરવાનું થાય છે. તે મુજબ કુલ રૂા. ૫૩,૨૬,૮૬૨.૨૦ પૈસા પ્રિમીયમના ચુકવવાના થાય જેના ૫૦% મુજબ સહાયના રૂા. ૨૬,૨૬,૪૯૬.૦૦ પૈસા દૂધ સંઘ દ્વારા તેમજ પ્રિમીયમની બાકી રકમ દૂધ મંડળી / ગ્રાહકો દ્વારા ચુકવવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત કુલ ૧૫૨ કલેઈમ થયેલ છે જેમા ૧ કલેઈમ નામંજુર થયેલ છે. બાકીના ૧૫૧ કલેઈમ મંજૂર થયેલ છે. જેના વીમાની કુલ રકમ રૂા. ૬૩,૨૦,૦૦૦/– જે તે સભાસદ / ગ્રાહકના વારસદારને ચેક મારફત તેમના બેંક ખાતામાં ચુકવવામાં આવેલ છે.

### :: ગૃપ અકસ્માત વીમા યોજના ::

ધ ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કાં. મારફત દૂધ સંઘની તમામ મંડળીઓ / દૂધ ખરીદ કેન્દ્રોના ૧,૨૦,૯૦૦ જેટલા સભાસદો / ગ્રાહકોને ગૃપ અકસ્માત વીમા યોજના નીચે આવરી લેવામાં આવેલ છે. સદર યોજનામાં પ્રતિ સભાસદ / ગ્રાહક દીઠ રૂા. ૦૮/– મુજબ કુલ રૂા. ૯,૬૭,૨૦૦/–નું પ્રિમીયમ દૂધ સંઘ દ્વારા વીમા કંપનીને ચુકવવામાં આવેલ છે.

હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન આ યોજના નીચે કુલ ૦૯ કલેઈમ થયેલ છે તે પૈકી ૨ કલેઈમ મંજૂર થયેલ છે. જેના વીમા કલેઈમની રકમ રૂા. ૨,૦૦,૦૦૦/– જે તે સભાસદ / ગ્રાહકના વારસદારના બેંક ખાતામાં સીધા જમા આપવામાં આવેલ છે. ૭ કલેઈમની કાર્યવાહી ચાલુ છે.

### :: ગ્રાહક મરણોતર સહાય યોજના ::

દૂધ મંડળીના પશુપાલકોના લાભાર્થે દૂધ સંઘ દ્વારા ગ્રાહક મરણોત્તર સહાય યોજના દૂધ સંઘના સ્વભંડોળમાંથી ચલાવવામાં આવે છે. આ યોજના અનુસાર મૃતક ગ્રાહકના નામે ચાલુ હિસાબી વર્ષમાં અથવા તેના અગાઉના હિસાબી વર્ષમાં ઓછામાં ઓછા ૯૦ દિવસ દૂધ ભરાવેલ હોય તેવા ગ્રાહકના વારસદારને દૂધ સંઘ દ્વારા રૂા. ૪૫,૦૦૦/– સહાય ચુકવવામાં આવે છે. હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન કુલ ૩૬૭ ગ્રાહકોના મૃત્યુ થતાં તેના વારસદારોને રૂા. ૧,૬૩,૪૫,૦૦૦/– ની સહાય તેમના બેંક ખાતામાં ચેક મારફત ચુકવવામાં આવેલ છે. આ યોજનામાં ગ્રાહકની ઉંમરની કોઈ મર્યાદા નહી હોવાથી દૂધ ભરતા તમામ ગ્રાહકોને આ સહાયનો લાભ મળી રહયો છે.




૪૬મી વા.સા.સભામાં મરણોત્તર સહાયના ચેક વિતરણ કરતા દૂધ સંઘના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ સાથે વાઈસ ચેરમેનશ્રી અલ્પેશભાઈ સામંડ, ખેતીબેંકના ચેરમેન તથા દૂધ સંઘના ડાયરેકટર શ્રી મંગળસિંહ પરમાર, દૂધ સંઘના ડાયરેકટર શ્રી નરેશભાઈ મારૂ, છગનભાઈ મુંધવા, વાલાભાઈ મુંધવા, બાબુભાઈ કારેલીયા, વેલશીભાઈ પઢાર, શેલાભાઈ ભરવાડ તથા પૂર્વ વાઈસ ચેરમેનશ્રી સુરાભાઈ રબારી, માલધારી આગેવાન શ્રી ઈસુભાઈ રબારી દ્રષ્ટિગોચર થાય છે.

## :: સભાસદ / પશુપાલક કલ્યાણકારી યોજનાનું પત્રક ::

| ક્રમ | યોજનાનું નામ | દૂધ મંડળીની સંખ્યા | લાભાર્થીની સંખ્યા | પ્રિમીયમની કુલ રકમ રૂપિયા | દૂધ સંઘે ભોગવેલ રકમ રૂપિયા | મંડળી પાસેથી કપાત કરેલ રકમ રૂપિયા | કુલ કલેઈમ | મંજુર થયેલ કલેઈમ | મંજુર થયેલ રકમ રૂપિયા | પેન્ડીંગ કલેઈમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જનશ્રી વીમા યોજના (LIC) | ૬૪૨ | ૪૧૦૩૯ | ૫૩૨૬૮૬૨.૨૦ | ૨૬૨૬૪૯૬.૦૦ | ૨૭૦૦૩૬૬.૨૦ | ૧૫૨ | ૧૫૧ | ૬૩૨૦૦૦૦ | – |
| ૨. | ગૃપ અકસ્માત યોજના (ન્યુ.ઈન્ડીયા ઈન્સ્યો. કંપની) | ૭૪૩ | ૧૨૦૯૦૦ | ૯૬૭૨૦૦/– | ૯૬૭૨૦૦/– | – | ૦૯ | ૦૨ | ૨૦૦૦૦૦ | ૦૭ |
| ૩. | મરણોત્તર સહાય યોજના (સ્વભંડોળમાંથી) | ૬૪૮ | દૂધ સંઘના સ્વભંડોળ માંથી | | | | ૩૬૭ | ૩૬૭ | ૧૬૩૪૫૦૦૦ | – |

## : કિસાન ક્રેડિટ કાર્ડ (પશુપાલન)ની સુવિધા :

ખેડુતોને ખેતીકામના હંગામી ખર્ચાઓને પહોંચી વળવા માટે કિસાન ક્રેડિટ કાર્ડની સુવિધા સરકારશ્રી દ્વારા પુરી પાડવામાં આવે છે. તેવી જ રીતે કેન્દ્ર સરકારના આત્મનિર્ભર ભારત મિશન કાર્યક્રમ અંતર્ગત રાજયના પશુપાલકોને પશુઓના ભરણપોષણ અંગેના હંગામી ખર્ચાઓને પહોંચી વળવા માટે કિસાન ક્રેડિટ કાર્ડ (પશુપાલન)ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન કિસાન ક્રેડિટ કાર્ડ (પશુપાલન) યોજના અંતર્ગત સુ.નગર જિલ્લાની ગ્રામીણ બેંક દ્વારા ૨૨૯ પશુપાલકોને રૂા. ૨,૧૧,૭૮,૪૦૦/– તથા સુ.નગર જિલ્લાની **SBI** બેંક દ્વારા ૨૧૭ પશુપાલકોને રૂા. ૨,૨૭,૬૪,૦૦૦/– મળી કુલ ૪૪૬ પશુપાલકોને રૂા. ૪,૩૯,૪૨,૪૦૦/– નું ધીરાણ આપવામાં આવેલ છે.



**KCC** પશુપાલન લોન ધિરાણ યોજના અંતર્ગત મહિલા પશુપાલકને ચેક અર્પણ કરતા સૌ.ગ્રામિણ બેંકના ક્રેડિટ મેનેજર, **SGB** રાજકોટના શ્રી વી. ડી. દવે તથા સુ.નગર રીજીયોનલ ક્રેડિટ મેનેજર શ્રી કે.સી. મોરે તેમજ ચેક સ્વીકારતા શ્રી બલાળા મહિલા દૂ.ઉ.સ. મંડળી લી., મુ. બલાળા, તા. ચુડાના પ્રમુખ શ્રીમતિ સોનલબા એમ. જાદવ તથા દૂધ સંઘના અધિકારીઓ.

## : દૂધ સંઘ તરફથી દૂધ મંડળીઓને સહાય :

દૂધ મંડળીઓને માળખાકીય સગવડો પ્રાપ્ત થાય, મંડળીઓ ઉપર ગ્રાહકોના દૂધની વ્યવસ્થિત ચકાસણી કરી દૂધની ગુણવત્તામાં સુધારો થઈ શકે તેમજ દૂધના ધંધાના સહકારી માળખાથી દૂધ મંડળીના સભાસદો / ગ્રાહકો માહીતગાર થઈ શકે તે માટે દૂધ સંઘ તરફથી દૂધ મંડળીઓને દૂધ ઘર બનાવવા, મિલ્કોસ્કીન મશીન ખરીદવા, ડેરી શૈક્ષણિક પ્રવાસના આયોજન માટે વિકાસ ફંડ માંથી સહાય ચુકવવામાં આવે છે. હિસાબી વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન ૬ દૂધ મંડળીઓને દૂધ ઘર બનાવવા માટે રૂા. ૧૦,૨૫,૦૦૦/– ની સહાય તથા ૨ દૂધ મંડળીઓને મિલ્કોસ્કીન મશીન ખરીદવા માટે રૂા. ૧,૦૦,૦૦૦/– ની સહાય મળી કુલ રૂા. ૧૧,૨૫,૦૦૦/– સહાય વિકાસ ફંડ માંથી ચુકવવામાં આવેલ છે.

# : ઈન્ફરમેશન ટેકનોલોજી :

## : કોમન એએમસીએસ પ્રોગ્રામ :

તમામ દૂધ સંઘો તથા દૂધ મંડળીઓના વહીવટમાં એકસુત્રતા જળવાઈ રહે તે માટે ગુજરાત કો.ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા દૂધ મંડળીઓના કોમ્પ્યુટરમાં અમૂલ કોમન ઓટોમેટીક મિલ્ક કલેકશન સિસ્ટમનો સોફટવેર ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે. દૂધ સંઘ સાથે સંકળાયેલ તમામ દૂધ મંડળીઓ તથા દૂધ ખરીદ કેન્દ્રો ઉપર અમૂલ કોમન એએમસીએસ નો પ્રોગ્રામ ઈન્સ્ટોલ કરેલ છે. આ પ્રોગ્રામ દ્વારા તમામ સભાસદ / ગ્રાહક વિશેની સંપૂર્ણ માહિતી મેળવી શકાય છે. તેવી જ રીતે આ પ્રોગ્રામ થકી ગ્રાહકોને પણ તેમના રજીસ્ટર થયેલ મોબાઈલ નંબર ઉપર મંડળીમાં ભરાવેલ દૂધ, તેના ફેટ, તેની કિંમત વગેરેની માહિતી ટંકે ટંક મેસેજ દ્વારા મળી રહે છે. એક દિવસમાં વધુમાં વધુ ૫૮૦૦૦ ગ્રાહકોને મેસેજ દ્વારા માહિતગાર કરવામાં આવેલ છે. અમૂલ ફાર્મર એપ થકી ગ્રાહક પોતાના એન્ડ્રોઈડ મોબાઈલ ઉપર ગમે ત્યારે ઉપર મુજબની માહિતીથી વાકેફ થઈ શકે છે. હિસાબી વર્ષ દરમ્યાન ૬૪૫૦ ગ્રાહકો દ્વારા ફાર્મર એપનો ઉપયોગ કરવામાં આવેલ છે. દૂધ મંડળીઓને દૂધ બીલ–પરિપત્રો તથા અગત્યની ટપાલો વેબ પોર્ટલ મારફત સીધા જે તે મંડળીના કોમ્પ્યુટરમાં મળી જાય તેવી વ્યવસ્થાનું આયોજન કરવામાં આવેલ છે.

## : બી.એમ.સી. મોનીટરીંગ સીસ્ટમ :

દૂધ સંઘ દ્વારા સંચાલિત તથા કાર્યરત તમામ બીએમસી ઉપર મોનીટરીંગ સીસ્ટમ લગાવવામાં આવેલ છે. જેનું દૂધ સંઘની મોનીટરીંગ ટીમ દ્વારા મોનીટર કરવામાં આવે છે. મોનીટરીંગ દ્વારા બીએમસીમાં રહેલ દૂધનો જથ્થો, દૂધનું તાપમાન, બીએમસીની સાફ સફાઈ તથા સાફ સફાઈ માટે ઉપયોગમાં લીધેલ પાણીનું તાપમાન, બીએમસીનો વીજ વપરાશ વગેરે જાણી શકાય છે. જાણકારીને અનુરૂપ જરૂરી સલાહ સુચન તથા માર્ગદર્શન આપવામાં આવે છે.

## : જી.પી.એસ. સીસ્ટમ :

દૂધ સંઘ દ્વારા સંચાલિત બીએમસી ઉપરથી ડેરી પ્લાન્ટ ઉપર દૂધ પરિવહનની કામગીરી ટેન્કરો મારફત કરવામાં આવે છે. જે ટેન્કરો મારફત દૂધ પરિવહનની કામગીરી કરવામાં આવે છે તે તમામ ટેન્કરોમાં જી.પી.એસ. સીસ્ટમ લગાવી ટ્રેકીંગ કરવાની કામગીરી ચાલુ છે.

જી.પી.એસ. સીસ્ટમ ચાલુ થવાથી ટેન્કર ડેરીમાંથી કેટલા સમયે નીકળ્યુ ત્યાંથી પ્રથમ બીએમસી ઉપર કયારે પહોંચ્યુ ત્યાંથી ટેન્કર ભરાઈને કેટલા વાગે નીકળ્યુ અને બીજા બીએમસી ઉપર કયારે પહોંચ્યુ ત્યાંથી દૂધ લઈને કેટલા કલાકે ઉપડયું કેટલા સમયે ત્રીજા બીએમસી ઉપર કે ડેરી પ્લાન્ટ ઉપર કેટલા સમયે પહોંચ્યુ તેનો શરૂઆત થી આખર સુધીનો રીપોર્ટ જનરેટ થાય છે. જેના ઉપરથી કોઈપણ જગ્યાએ બીન જરૂરી રોકાણ કરવામાં આવતુ હોય તો તેના આધારે જરૂરી કાર્યવાહી થઈ શકે છે તેમજ દૂધ પરિવહનની કામગીરી માં ઝડપ લાવી શકાય છે.

## : ડી.જી. વૃધ્ધિ – માઈક્રો એ.ટી.એમ. :

કેન્દ્ર સરકાર દ્વારા રોકડ નાણાંકીય વ્યવહારો ઉપર લગામ કસવાના હેતુથી રોકડ નાણાંકીય વ્યવહારો ઉપર ટીડીએસ કપાત શરૂ કરવામાં આવ્યો. જેની ગંભીર અસર દૂધ મંડળીઓ ઉપર પણ થઈ છે. જે મંડળી પાછલા ત્રણ વર્ષથી નિયમિત આઈ.ટી. રીટર્ન ફાઈલ કરાવતી હોય તેવી મંડળી ૧ કરોડથી વધારે રોકડ પેમેન્ટ કરે તેના ઉપર ૨ ટકા મુજબ ટીડીએસ કપાત તથા જે મંડળીએ નિયમિત આઈ.ટી. રીટર્ન ફાઈલ કરાવેલ ન હોય તેવી મંડળીના રૂા. ૨૦ લાખથી ૧ કરોડ સુધીના રોકડ વ્યવહાર ઉપર ૨ ટકા મુજબ તથા ૧ કરોડ કરતાં વધારે ના રોકડ વ્યવહાર ઉપર ૫ ટકા મુજબ ટીડીએસ કપાત કરવાનું શરૂ કરવામાં આવેલ છે. સુરેન્દ્રનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પુરતી બેંકોની સગવડતા નહી હોવાના કારણે દૂધ ઉત્પાદકોને સમય તથા વાહન ભાડાનો ખર્ચ ભોગવવો પડે છે. જો ગ્રાહકોના દૂધનું પેમેન્ટ બેંકમાં કરવામાં ન આવેતો મંડળીમાંથી ટીડીએસ કપાત થાય જેનો ખર્ચ મંડળીને પોષાય તેમ નથી. આવા સંજોગોમાં દૂધ ઉત્પાદકોને ઘેર બેઠા દૂધના નાણાં મળી રહે તે માટે ગુજરાત કો.ઓપ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન તથા સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., સુરસાગર ડેરીના સહકારથી ડી.જી. વૃધ્ધિના માઈક્રો એટીએમ મશીન દૂધ મંડળીઓ ઉપર આપવાનું શરૂ કરેલ છે. જેના થકી દૂધ મંડળી દ્વારા દૂધના ચુકવણાની રકમ સીધી દૂધ ઉત્પાદકના બેંક ખાતામાં જમા કરાવવામાં આવશે અને દૂધ ઉત્પાદક માઈક્રો એટીએમ દ્વારા પોતાની મંડળી ઉપરથી રોકડ મેળવી શકશે. મંડળીના મંત્રીને રોકડ નાણાંના ઉપાડ માટે બેંકમાં જવાની જરૂર રહેશે નહી. સીએમએસ વાહન દ્વારા દૂધ મંડળીને રકમ પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવશે. આથી નાણાંકીય જોખમ રહેશે નહી. આ સીસ્ટમ દ્વારા વીજળી બીલ, ડીટીએચનું બીલ તથા લોનના હપ્તાની ચુકવણી પણ કરી શકાશે મંડળી ઉપર થતા નાણાંકીય વ્યવહાર ઉપર મંત્રીને કમીશન ની વધારાની આવક થશે. સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના કાર્યક્ષેત્રમાં આવતી ૧૦૦ જેટલી દૂધ મંડળીઓને વહેલા તે પહેલાના ધોરણે વિના મૂલ્યે માઈક્રો એ.ટી.એમ. ની સુવિધા આપવા માટે ડી.જી. વૃધ્ધિ ટેકનોલોજી પ્રા. લી. દ્વારા મંજૂરી આપવામાં આવેલ. જેના અનુસંધાને દૂધ સંઘના ચેરમેનશ્રી તથા મેનેજીંગ ડિરેકટરશ્રી દ્વારા ડી.જી. વૃધ્ધિ ટેકનોલોજી પ્રા. લી. ના ચીફ એકઝીકયુટીવ ઓફીસર સાથે ચર્ચા કરી સુરેન્દ્રનગર જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ તથા દૂધ મંડળીઓની તથા દૂધ ઉત્પાદકોની આર્થિક પરિસ્થિતિ અંગે વાકેફ કરી જિલ્લાની વધુમાં વધુ મંડળીઓને વિના મૂલ્યે માઈક્રો એ.ટી.એમ. ની સુવિધા ઉપલબ્ધ થાય તે અંગે રજુઆત કરેલ જેના અનુસંધાને કંપની દ્વારા ૧૦૦ ઉપરાંત બીજી ૩૦૦ દૂધ મંડળીઓ મળી કુલ ૪૦૦ દૂધ મંડળીઓ ઉપર વિના મૂલ્યે માઈક્રો એ.ટી.એમ. ની સુવિધા ઉપલબ્ધ કરાવવાની મંજુરી આપેલ છે. જે પૈકી ૧૧૮ મંડળીઓ ઉપર સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. ૩૦ મંડળીઓ ઉપર માઈક્રો એ.ટી.એમ. દ્વારા પેમેન્ટની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેના કારણે દૂધ મંડળીના સંચાલકોમાં તથા દૂધ ઉત્પાદકમાં રાહતની લાગણી ઉદ્‌ભવેલ છે.

## : એચ.ડી.એફ.સી. એ.ટી.એમ. :

દૂધ ઉત્પાદકોને તથા ગામના અન્ય લોકોને ગામડામાં જ બેંકની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે એચ.ડી.એફ.સી. બેંક દ્વારા જિલ્લાની ૪ દૂધ મંડળીઓ ઉપર એ.ટી.એમ. કાર્યરત કરવામાં આવેલ છે. તેમજ ૪ દૂધ મંડળીઓ ઉપર બી.સી. પોઈન્ટ શરૂ કરી ઘેર બેઠા દૂધના નાણાં મળી જાય તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે.

## : આઈ.એસ.ઓ સર્ટીફીકેટ :

કવોલીટી મેનેજમેન્ટ સીસ્ટમ (QMS ISO 9001:2015) તથા ફુડ સેફટી સીસ્ટમ સર્ટીફીકેટ (ISO 22000(સીડયુલ ૫.૧) 2018) નીતિ અન્વયે અમો સુરસાગર ડેરી પ્લાન્ટ ખાતે દૂધની ગુણવત્તા અને સલામતી માટે દૂધ અને દૂધ ઉત્પાદનો ઉત્પન્ન કરીને સારી ગુણવત્તા દ્વારા ગ્રાહકોના વિશ્વાસને જીતવા માટે પ્રતિબધ્ધ છીએ.

આ અમે ગ્રાહકની આવશ્યકતાઓ સાથે તમામ વૈજ્ઞાનિક અને નિયમનકારીને અપનાવીને મેળવીશું અને અમારામાં રસ ધરાવતા પક્ષો સાથે આંતરિક અને બાહ્ય સંચાર દ્વારા તમામ ક્ષેત્રોમાં સતત સુધારણા માટે સમયાંતરે સમીક્ષા કરીશું.

એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ સીસ્ટમ :– (EMS ISO 14001:2015) પર્યાવરણ નીતિ અન્વયે સુરસાગર ડેરી પ્લાન્ટ ખાતે થતી પ્રવૃતિઓ અને કામગીરીની સતત સમીક્ષા કરીએ છીએ. જેથી આપણા પર્યાવરણ પર થતી અસરને ઓળખી શકાય અને તેનાથી થતી અસરને ઘટાડવા માટે કાર્ય નકકી કરીએ છીએ.

અમારા પર્યાવરણીય હેતુના ભાગ રૂપે અમે :–

– સતત અમારી ઉર્જા અને સંશોધન વપરાશમાં સુધારો કરવા, સતત પેદા થતા કચરાને ઘટાડવા અને સામાન્ય રીતે પ્ર દૂ ષ ણ અટકાવવા પ્રયત્નશીલ છીએ.

– સંબંધિત સમગ્ર કાયદાકીય અને નિયમિતકારી આવશ્યકતાઓને પહોંચી વળવા અથવા તેને આંબવાનો પ્રયત્ન કરીએ છીએ.

– અમારા કર્મચારીઓ વચ્ચે આત્મીયતા અને સિધ્ધાંતિક મુદ્દાઓની ઉચ્ચસ્તરની જાગૃતિને પ્રોત્સાહિત કરી અને અમારા તાલીમ કાર્યક્રમના મુખ્ય ઘટક તરીકે પર્યાવરણની વ્યવસ્થાપન કરીએ છીએ.

– અમારી સાથે કામ કરવામાં રસ ધરાવતા અને મેનેજમેન્ટ સમીક્ષા પ્રક્રિયા સાથે આંતરિક અને બાહ્ય સંચાર દ્વારા તમામ ક્ષેત્રોમાં સતત સુધારણા માટે સમયાંતરે સમીક્ષા કરીએ છીએ.

## : એચ. આર. પ્રવૃતિ :

સંઘના કર્મચારીઓની કાર્યક્ષમતા, નિષ્ઠા, વફાદારી અને શિસ્તથી પોતાની ફરજો નિભાવે છે તેઓનો કામ પ્રત્યેનો ઉત્સાહ જળવાઈ રહે તે માટે સંઘ દ્વારા નીચે મુજબના લાભો આપવામાં આવે છે.

(૧) સુપર એન્યુએશન સ્કીમ (૨) નેશનલ પેન્શન સ્કીમ(NPS) (૩) મેડીકલ તથા ગૃપ અકસ્માત વીમો

(૪) લીવ એન્કેશમેન્ટ (EL & ML) (૫) ગ્રેજયુઈટી

વર્ષ ૨૦૨૧–૨૨માં સંઘ દ્વારા કર્મચારીઓને બોનસ પેટે રૂા. ૨૬,૭૯,૨૪૭/– તથા ઈન્સેન્ટીવ પેટે રૂા.૧,૬૯,૪૯,૫૨૮/– રકમ ચુકવાયેલ છે.

દૂધ સંઘના કર્મચારીઓ તેમની કામગીરીમાં નિપૂણતા મેળવે તથા અદ્યતન ટેકનોલોજીથી અવગત થાય તે માટે દૂધ સંઘના કર્મચારીઓને સમયાંતરે જરૂરિયાત મુજબ તાલીમ આપવામાં આવે છે. હિસાબી વર્ષ દરમ્યાન ૧૧ કર્મચારીઓને જુદા જુદા વિભાગની તાલીમ આપવામાં આવેલ છે.

વર્ષ દરમિયાન જુદી જુદી કોલેજના ૧૧ જેટલા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને તેમના વિષયને અનુરૂપ તેમજ ગુજરાત સરકારના એપ્રેન્ટીસ એકટ ૧૯૬૧ હેઠળ ૧૫ જેટલા એપ્રેન્ટીસ વિદ્યાર્થીઓને દૂધ સંઘ દ્વારા તાલીમ આપવામાં આવેલ છે તથા સંસ્થામાં વર્ષ દરમ્યાન બહારની કોલેજોમાંથી ૧૬ જેટલા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓએ સંસ્થાના જુદા જુદા વિભાગમાં તેમની ઈન્ટર્નશીપ પ્રોગ્રામ અંતર્ગત તાલીમ લીધેલ છે. દૂધ સંઘમાં કાર્યરત કર્મચારીઓ કાયમી ૧૩૬, પ્રોબેશન ૨૦, ટ્રેઈની ૧૨, ફીકસ પગાર ૧૩ કુલ ૧૮૧ છે.

# આભાર દર્શન

